| Innovation ID | DTP0010000002828 | Sr No : 2 |
| --- | --- | --- |

**Innovation Title**
મગફળી (<i>Arachis hypogea</i>) માં ટીક્કાનો રોગ

**Category**
પાક સંરક્ષણ

**Notebook Number**
lok (૫) ૪, Jul–Aug–૨૦૦૦, Pg No. ૫

**Brief**
મગફળી (<i>Arachis hypogea</i>) માં ટીક્કાનો રોગ આવે તો આકડા (<i>Calotropis gigantea</i>)ના પાન અને પાણીનો ઉપયોગ

**Detail**
મગફળી (<i>Arachis hypogea</i>) ના વાવેતર પછી પાક ૨૦ થી ૩૫ દિવસનો થાય ત્યારે પાન ઉપર ઘાટા–ભૂખરા કે કથ્થાઈ રંગના ડાઘ પડે છે, ધીરે ધીરે પાન ખરી જાય છે અને છોડ સૂકાઈ જાય છે. જો નિયંત્રણના કોઈ પગલા લેવામાં ન આવે તો ધીરે ધીરે આખા ખેતરમાં ફેલાય છે. આ સમસ્યાના ઉકેલ માટે વિસાવદર તાલુકાનાં શોભાવડલા ગામના સવજીભાઈ રામાણી તથા જયસુખભાઈ ભેંસાણીયા આકડાનો ઉપયોગ કરે છે.
સંશોધકના જણાવ્યા મુજબ, ટીક્કાના રોગની શરૂઆત થાય તે પહેલાં આકડા (<i>Calotropis gigantea</i>) ના પાન, ડાળી સહિતના છોડના એક એક ઈંચના ટૂકડા કરી, એક કિલો આકડા, ૩ કિલો લીમડાની છાલને ૧૦ લિટર પાણીમાં ૧૫ દિવસ સુધી માટલામાં કહોવડાવવામાં આવે છે. ત્યાર બાદ ધીમા તાપથી દ્રાવણ ચોથાભાગનું રહે ત્યાં સુધી ઉકાળવામાં આવે છે. આ દ્રાવણને કપડા વડે ગાળીને ૧૫ લિટરના પંપમાં ૧૦૦ થી ૧૫૦ ગ્રામ દ્રાવણ ઉમેરી છંટકાવ કરવાથી ટીક્કા અને સૂકારાનો રોગ આગળ વધતો અટકે છે. ખેડૂત વધુમાં જણાવે છે કે,આ પદ્ધતિ છેલ્લા પાંચ વરસથી અપનાવીએ છીએ, અને અચુક લાભ જણાય છે. બગસરા ગામના શ્રી કરશનભાઈ ભીમજીભાઈ માલવીયા તથા શ્રી મનસુખભાઈ ભીમજીભાઈ માલવીયા અને હડાળા ગામના શ્રી મુકેશભાઈ મધુભાઈ બોરડ પણ આ પદ્ધિત અજમાવે છે.

આ પદ્ધતિ સ્વયં અન્ય પાસેથી જાણકારી મેળવીને પોતે અપનાવેલ છે.
આ પદ્ધતિની કોઈ મર્યાદા નથી.

અન્ય જાણકાર:
કરસનભાઈ માલવીયા, મુ. બગસરા, જી. જૂનાગઢ
ભીખાભાઈ પી. ચોટલીયા, મુ. શોભાવડલા, તા. વિસાવદર, જિ. જૂનાગઢ
જેરામભાઈ કથીરીયા, મુ. શોબાવડલા, તા. વિસાવદર
મધુભાઈ દૂધાભાઈ રાણપરીયા, મુ. શોભાવડલા
મુકેશભાઈ મધુભાઈ બારડ.

(નોંધઃ– આ પદ્ધતિનું પીઆઈસી તા. ૨૦–૪–૨૦૦૭માં વિપુલભાઈ. વી. વાસને કરેલ છે.) (આ પદ્ધતિ સાચી છે અને ઉપયોગ કરવામાં આવે છે.)

**Method of Use**

**Caution**
આ પદ્ધતિથી કોઈ આડઅસર થતી નથી. આથી સાવચેતી રાખવાની જરૂર રહેતી નથી. તેમજ આંકડાની ડાળી કે પાન દ્વારા થોર આંખમાં ઉડે નહિ તેનું ધ્યાન રાખવું. અન્ય કોઈ સાવચેતીની જરૂર નથી.

**Benefit**
આંકડો મોટાભાગે દરેક વિસ્તારમાં મળી રહેતો હોવાથી સારી રીતે ઉપયોગમાં લઈ શકાય છે.

**Condition**

**Material Used**
આકડો (<i>Calotropis gigantea</i>)

**IPR Status**

**Keywords**
ટીક્કા, મગફળી, <i>Arachis hypogea</i>, આકડો, <i>Calotropis gigantea</i>, પાન, પાણી, જૂનાગઢ

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૧૦૭૧ | Member Type | Scout |
|---|---|---|---|

First Name રસિકલાલ | Middle Name ગોવિંદભાઈ | Last Name ભેસાણીયા

Profession | Designation

Address 1

Village શોભાવડલા (લશ્કર) | Taluka વિસાવદર

District JUNAGADH | State Gujarat | Country India

Biography

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૭૫૮ | Member Type | Innovator |
|---|---|---|---|

First Name સવજીભાઈ | Middle Name હીરજીભાઈ | Last Name રામાણી

Profession ખેતી | Designation ખેડૂત

Address 1

Village મુ. શોભાવડલા (લશ્કર), | Taluka વિસાવદર

District Junagadh | State Gujarat | Country India

Biography

ખેડૂતનો પરિચય:
ઉત્તરદાતાના જણાવ્યા અનુસાર તેઓની ઉંમર ૪૯ વર્ષની છે. પોતે ભણેલા છે અને જમીન ૧૫ વીઘા છે. પશુઓ ત્રણ છે. જમીન પર કૂવો છે. રહેવા માટે કાચું મકાન ધરાવે છે. ખેતીમાં ઘણો બધો રસ ધરાવે છે. એકંદરે પરિસ્થિતિ મધ્યમ છે. આવકનું સાધન ખેતી વ્યવસાય છે. ઘઉં, મગફળી, કપાસ, બાજરી જેવા પાકોનું વાવેતર કરે છે. દરેક તહેવારો રસપૂર્વક ઉજવે છે.

ગામનો પરિચય:
શોભાવડલા ગામ વિસાવદર તાલુકમાં આવેલું છે. જે જૂનાગઢ જિલ્લાથી વાયા બિલખાથી બગસરા રોડ પર જૂનાગઢથી ૩૦ કિમી.ના અંતરે આવેલુ ગામ છે. ગામની વસ્તી ૨૫૦૦ લોકોની છે. જેમાં પટેલ, કુંભાર, હરિજન, આહિર, કોળી, બાવાજી, બ્રાહ્મણ દરેક જ્ઞાતિના લોકો રહે છે. ગામમાં શિક્ષણની સુવિધા ૧થી ૧૦ ધોરણની સુવિધા છે. પોસ્ટ ઓફિસ છે. આ વિસ્તારમાં ઘઉં, કપાસ, મગફળીનું વાવેતર થાય છે. ગામમાં મુખ્ય રસ્તાઓ પાકા છે. ગામમાં તળાવ નથી. નાની નદી નીકળે છે. લોકો નળિયાવાળાં કાચાં તેમજ પાકા મકાનોમાં રહે છે. દરેક તહેવારોમાં ગામ લોકો રસ દાખવે છે. ગામ લોકોની આવકનું સાધન ખેતી, ખેતમજૂરી અને અન્ય મજૂરી કાર્ય છે. ઘણા ખરા લોકો સુરત હિરાના ઉદ્યોગમાં કામ કરે છે. લીમડો, બાવળના વૃક્ષો વધારે છે. વડ, પીપળ, થોર વગેરે જોવા મળે છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૭૫૯ | Member Type | Innovator |
|---|---|---|---|

First Name જયસુખભાઈ | Middle Name ગોવિંદભાઈ | Last Name ભેંસાણીયા

Profession ખેતી | Designation ખેડૂત

Address 1

Village મુ. શોભાવડલા (લશ્કર) | Taluka વિસાવદર

District Junagadh | State Gujarat | Country India

Biography

ખેડૂતનો પરિચય:
ઉત્તરદાતાની ઉંમર ૫૦ વક્ષની છે. ઘરમાં પાંચ સભ્યો છે. જમીન ૧૫ વિઘા છે. પિયત માટે કૂવો છે. અને કપાસ, ઘઉં, મગફળીની ખેતી કરે છે. પશુઓમાં બે બળદ અને ૧ ભેંસ છે. ખેતીને પશુપાલનમાં ઘણો બધો રસ દાખવે છે. એકંદરે આર્થિક પરિસ્થિતિ સારી છે.

ગામનો પરિચય:
શોભાવડલા ગામ જૂનાગઢથઈ ૮૦ કિ.મી અને વિસાવદર તાલુકાથી ૧૫ કિ.મીના અંતરે આવેલું ગામ છે. ગામની મોટી વસ્તી પટેલ જ્ઞાતિની છે. જેમાં મોટાભાગના લોકો ખેતી અને સૂરત હિરાના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગામમાં મેઈન રસ્તા પાકા છે. એક નાની નદી નીકળે છે. ઘઉં, મગફળી, કપાસ જેવા પાકોનું વાવેતર થાય છે. લીમડો, વડ, પીપળના ઝાડ જોવા મળે છે. પાદરમાં બાપા સીતારામનું મંદિર છે. વિસાવદરથી અમરેલી તરફ જતી બસો શોભાવડલાની બાજુમાંથઈ વસાર થાય છે. વિસાવદરથી છકડોરિક્ષા મળી રહે છે. એકંદરે સારી પરિસ્થિતિવાળું ગામ છે. ૧થી ૭ ધોરણની નિશાળ છે. દરેક તહેવારો ગામમાં ઉજવાય છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૭૪ | Member Type | Verifier |
|---|---|---|---|

First Name વિપુલ | Middle Name વી. | Last Name વાસન

Profession | Designation

Address 1 શક્તિનગર- ૧, શાંતેશ્વર રોડ, જોષી પરા

Village જૂનાગઢ | Taluka જૂનાગઢ

| | | | | | |
|---|---|---|---|---|---|
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000002929 | Sr No : 3 |
|---|---|---|
| Innovation Title | ભીંડા (Abelmoschus esculentus)માં મોલો અને લીલી ઈયળનું નિયંત્રણ | |
| Category | પાક સંરક્ષણ | |
| Notebook Number | lok(૫)૨, Mar-Apr-૨૦૦૦, Pg No. ૫ | |
| Brief | ભીંડા (Abelmoschus esculentus)માં મોલો અને લીલી ઈયળનું નિયંત્રણ માટે તમાકુ(Nicotiana tabacum)નો ઉપયોગ | |
| Detail | ભીંડા(Abelmoschus esculentus)ના પાકમાં મોલો મશી અને લીલી ઈયળનો ઉપદ્રવ થવાથી ઉત્પાદન ઘટે છે. મશી ફળનો રસ ચૂસીને નુકસાન કરે છે. તેમજ લીલી ઈયળ પાન કોરીને અને શીંગ ખાઈને પાકને નુકશાન કરે છે. પરિણામે બજારભાવ ઓછાં મળે છે. ભીંડામાં મોલો અને લીલી ઈયળના નિયંત્રણ માટે જૂનાગઢ જિલ્લાનાં માણાવદર તાલુકાના બુરી ગામના શ્રી નરસિંહભાઈ નારણભાઈ વાછાણી તમાકુનો ઉપયોગ કરે છે. ૨૫૦ ગ્રામ તમાકુ(Nicotiana tabacum)ને બે લિટર પાણીમાં ઉકાળીને દ્રાવણ અડધું થાય એટલે તેમાં તેટલું જ ગૌમૂત્ર ઉમેરીને પંપમાં લઈને છંટકાવ કરવાથી લીલી ઈયળ તેમજ મોલોમશીનો ઉપદ્રવ ઘટે છે.<br>ખેડૂતના જણાવ્યા મુજબ, પરંપરાગત રીતે અમે ભીંડામાં રોગ જીવાત લાગે ત્યારે આ દ્રાવણનો ઉપયોગ કરીએ છીએ.<br>નેપ્રાલર્ટ ડેટાબેઝ અનુસાર તમાકુની વાસથી મોલોમશી તથા ઈયળનો ઉપદ્રવ ઘટે છે.<br><br>(નોંધ - આ પદ્ધતિનું રિચેકીંગ કાન્તિભાઈ પરમારે ૨૭-૮-૦૬ના રોજ કરેલ છે.)<br>નોંધ - ઉત્તરદાતાશ્રી નીમુબેન નરસિંહભાઈ વાછાણીના જણાવ્યા અનુસાર આ પદ્ધતિ લખાવનાર તેમના પિતાજી છે અને તેઓ ૧૩-૨-૯૩ની સાલમાં મૃત્યુ પામેલ છે અને આ પદ્ધતિ વિશે ગામમાં કે ઘરમાં કોઈ જાણતા નથી)<br>સાક્ષી- નિર્મળાબેન નરસીભાઈ<br><br>(નોંધ:- ખેડૂત અવસાન પામેલ છે. ઘરેથી બધા લગ્નમાં બહાર ગયેલ હોવાથી મળેલ નથી. આજુ-બાજુ પાડોશ તેમજ ગામમાં પૂછતાં આવો પ્રયોગ હાલ કોઈ કરતું નથી. - રીચેક તા. ૧૮-૪-૨૦૦૮માં વિપુલભાઈ. વી. વાસન) | |
| Method of Use | | |
| Caution | | |
| Benefit | | |
| Condition | | |
| Material Used | તમાકુ(Nicotiana tabacum) | |
| IPR Status | | |
| Keywords | ભીંડા, Abelmoschus esculentus, મોલોમશી, લીલી, ઈયળ, જીવાત, તમાકુ, Nicotiana tabacum, જૂનાગઢ | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૮૨૯ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | સ્વ. નરસિંહભાઈ | Middle Name | નારણભાઈ | Last Name | વાછાણી |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મુ. બુરી | | | Taluka | માણાવદર |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૮૩૦ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | ઈલા | Middle Name | આર. | Last Name | કૈલા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | | | Taluka | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૧૭૦ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | કાન્તિભાઈ | Middle Name | રત્નાભાઈ | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ. ચારણવાડા, પો. વરથું | | | Taluka | મોડાસા |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૭૪ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | વિપુલ | Middle Name | વી. | Last Name | વાસન |
| Profession | | Designation | | | |
| Address 1 | શક્તિનગર- ૧, શાંતેશ્વર રોડ, જોષી પરા | | | | |
| Village | જૂનાગઢ | | | Taluka | જૂનાગઢ |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | | | | | |